

સંખેડા તાલુકાના બહાદરપુર ખાતે આવેલ દ્વારકાધીશ ભગવાનના મંદિરે પુ.ગો.વાગીશબાવાના હસ્તે મંદિરે નવા બનાવેલ સોનાના હિંડોળામાં દ્વારકાધીશ પ્રભુ બિરાજ્યા હતા. આ પ્રસંગનો લાભ લેવા માટે મુશળધાર વરસાદની વચ્ચે પણ મોટી સંખ્યામાં વૈષ્ણવ સમાજના લોકો ઉમટયા હતા. અને દર્શનનો લાભ લીધો હતો. (તસ્વીરઃ મયુર શેઠ,બહાદરપુર)

આદિજાતિ સંસ્કૃતિના જતન-સંવર્ધન માટે ૧૦૦ કરોડનું મ્યૂઝિયમ રાજપીપળામાં બનાવશે

સુરત,તા.૯

તાપી જિલ્લાના નિઝર ખાતે વિશ્વ આદિવાસી દિવસ ઊજવણી અવસરે મુખ્યમંત્રી સહભાગી થયા હતા. આદિવાસી સમાજની વિશાળ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ આદિવાસી કૂળદેવી યાહા મોગી માતાનું પૂજન કરી, આદિવાસી સમાજના મસિહા બિરસા મુંડાને શ્રધ્ધાંજલિ અર્પી હતી. સાથે મુખ્યમંત્રીના હસ્તે રૂા .૪૬ લાખના વિવિધ લાભોનું વિતરણ સાથે રમતગમત, શિક્ષણ, વિદ્યાર્થીઓ, પશુપાલક સહિત વિવિધ પ્રતિભાશાળીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિજયભાઇ રૂપાણીએ વિશ્વાસ વ્યકત કર્યો કે આદિવાસી સંસ્કૃતિની વિરાસતના જતન માટે રાજપીપળા ખાતે રૂા.૧૦૦ કરોડના ખર્ચે અલગ મ્યુઝિયમ બનાવવાના નિર્ણય સાથે ૪૦ એકર વિસ્તારમાં બિરસા મૂંડા આદિવાસી યુનિવસિર્ટીના નિર્માણ સાથે આદિવાસી સંસ્કૃતિનું જનત થશે.

ગુજરાતની ગૌરવવંતી આદિવાસી સંસ્કૃતિની પરંપરાને જીવંત રાખવા રાજય સરકાર કટિબદ્ધ છે. આદિવાસીઓનો ભવ્ય અને ગૌરવવંતો ઈતિહાસ છે. ગુજરાતમાં આદિવાસીઓ પ્રત્યે સંવેદના છે. તેમનામાં આઝાદી પહેલાંથી જ રાષ્ટ્રભકિત પડેલી છે. અંગ્રેજો અને મોગલો સામે આઝાદી માટે શહીદી વ્હોરી છે. એવા આદિવાસી સમાજના સમરસ વિકાસ માટે રાજય સરકાર સંકલ્પબદ્ધ હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

અગાઉની સરકારોએ કયારેય આ વીર સપૂતોને યાદ કર્યા નથી. આ સરકારે અનોખી પરંપરાનો પ્રારંભ કરીને આદિવાસી સંસ્કૃતિની વિરાસતને ઊજાગર કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે તેમ રૂપાણીએ ઉમેર્યું હતું. રાજયના આદિવાસી વિસ્તારોમાં વિકાસની પરંપરાને આગળ વધારી છે. ૧૯૬ જંગલના ગામોને રેવન્યુ ગામો જાહેર કર્યા છે. હવે ગુજરાતનો આદિવાસી વૈશ્વિક પડકારો ઝીલીને વૈશ્વિક ફલક પર અગ્રેસર બની, રાજય-રાષ્ટ્રમાં ભાગીદાર બનશે તેવી તેમ મુખ્યમંત્રીએ વ્યકત કરી હતી.

આદિવાસી ક્ષેત્રમાં થયેલા વિકાસની ભૂમિકા આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ, આરોગ્ય સહિત માળખાકીય સવલતો છેવાડાના માનવીને આપી છે.

૨૦૦૨માં સાત એકલવ્ય મોડેલ સ્કુલ હતી, જે આજે ૯૧ છે. ૨૦૦૧ના વર્ષમાં આદિવાસી ક્ષેત્રમાં ૪૭ ટકા શિક્ષણ હતું, જે વધીને ૨૦૧૧માં ૬૨ ટકા થયું છે. આ સરકાર ગરીબો, પીડિતો, આદિવાસીઓના હિતની સંવેદનશીલ સરકાર છે.

દંતેશ્વર ચિંતનનગરમાં રહેતા યુવાને બેકારીથી કંટાળી ગળેફાંસો ખાઈ જીવન લીલા સંકેલી

વડોદરા,તા.૯

ભરૂચ દહેજ ખાતે આવેલ ઓપેલ ઓનએનજીસીની કંપનીની વડોદરા અલકાપુરી ખાતે આવેલ ઓફિસ બોય તરીકે કોન્ટ્રાકટરમાં કામ કરતા ૪૪ વર્ષીય કર્મચારીને નોકરી પરથી છૂટા કરવામાં આવતા બેકારીના કારણે તેમજ તેમના નિકળતા પીએફના નાણા ન મળવાના કારણે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. મકરપુરા પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

માહિતીગાર સુત્રો દ્વારા બનાવની પ્રાપ્ત વિગત મુજબ વડોદરા દંતેશ્વર ખાતેના ચિંતનનગરમાં રહેતા સંતોષભાઈ ગંગારામ ભામરે (ઉ.વ.૪૪) વડોદરા અલકાપુરી ખાતે ભરૂચ દહેજ ખાતે આવેલ ઓપેલ ઓએનજીસી કંપનીની ઓફિસમાં જીસીપાલના પેપીલોન કેરટેકીંગના કોન્ટ્રાકટમાં છેલ્લા આઠ નવ વર્ષથી ઓફિસ બોય તરીકે નોકરી કરતા હતા. જોકે ઉપરોકત જીસીપાલનો કોન્ટ્રાકટ બદલાય જતાં નવો કોન્ટ્રાકટ ડેલ્ટા કંપનીને આપવામાં આવ્યો હતો.

જેથી નવા કોન્ટ્રાકટરે જુના જીસીપાલના કોન્ટ્રાકટના કર્મચારીઓને છૂટા કરી દેવામાં આવ્યા હતા. જેથી ૨૦થી ૨૨ જેટલા કર્મચારીઓ બેરોજગાર બન્યા હતા. સંતોષ ગંગારામ ભામરએ સર્વિસ દરમ્યાન નાની મોટી કેટલીક લોન લીધી હતી. તે દરમ્યાન તેઓની નોકરી છૂટી જતા કંપનીનાા કોન્ટ્રાકટના સંચાલક પાસે તેઓના પીએફના પૈસાની માંગણી કરી હતી. પરંતુ તેઓને પીએફના પૈસા ન મળતા તેઓ આર્થિક ભીસમાં તેમજ બેકારીના ખપ્પરમાં આવી ગયા હતા. લોન ભરપાઈ કરવાની ચિંતાના કારણે તેઓએ ગઈકાલે ઘરે પંખા સાથે રસોડામાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આપઘાતના બનાવને પગલે ભામરે પરિવારમાં શોકની લાગણી ફેલાય ઘઈ હતી. બનાવની જાણ મકરપુરા પોલીસને કરવામાં આવતા પોલીસ બનાવ સ્થળે પહોંચી હતી. જયા કાયદેસરની કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.

ઝાલોદ તાલુકાના છ ગામોમાં લૂંટારૂઓનો ત્રાસ : પોલીસ મૂકદર્શક બની તમાશો જુએ

ઝાલોદ,તા.૯

દાહોદના ઝાલોદ તાલુકાના એક બે નહીં પરંતુ ૬ ગામના લોકો દિવસ દરમિયાન કાળી મજૂરી કરે છે. અને રાત પડે એટલે હાથમાં હથિયારો લઈને ગામના ખૂણેખૂણે લટાર મારે છે. આખરે એવું તો શું કારણ છે કે આ ગામ લોકોને હાથમાં હથિયાર લેવા મજબૂર બનવું પડ્યુ છે. દ્રશ્ય જોઈને એવું લાગે કે કોઇ જંગ લડવા જવું છે.

દાહોદના આદિવાસીઓની હથિયારો સાથેની સજ્જતા કોઇ જંગ લડવા માટે તો નથી. પરંતુ હા તેમની ખેતની ઉપજ અને માલ મિલકતની રક્ષા માટે છે. કારણ કે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ૬ ગામોમાં છેલ્લા કેટલાય દિવસોથી ચોર લૂંટારુઓનો ત્રાસ છે.

ઝાલોદ તાલુકાના મીરાખેડી, વસ્તી, પાવડી, ડગેરીયા, નાની હાડી અને મોટી હાડી જેવા ગામોમાં ચોર તસ્કરોનો એટલી હદે આતંક છે કે તેના ભયથી હવે લોકોએ હાથમાં હથિયારો રાખીને રાત્રી ઉજાગરા શરૂ કર્યા છે.એવું નથી કે આ લોકોને આ રીતે હથિયારો રાખીને ચોકીદાર બનવાનો શોખ છે.આ લોકોએ અહીં પોલીસ પોઇન્ટ મૂકાઇ પોલીસ પેટ્રોલીંગ વધે તેવી અનેક રજૂઆતો કરી ચૂક્યા છે. પરંતુ કોઇ પરિણામ આવ્યુ નથી. જેથી હવે લોકોએ જાતે જ પોતાની રક્ષા કરવા માટે હાથમાં હથિયારો લઇને કાયદો હાથમાં લઇ લીધો છે.

વડોદરા શહેરમાં હથિયારબંધી

વડોદરા, ૦૯

વડોદરા શહેરમાં આગામી સમયમાં તથા જુદી-જુદી શોભાયાત્રાઓ, રેલીઓ, સભાઓને ધ્યાને રાખી શહેર પોલીસ કમિશનર, વડોદરાએ કાયદાની લાગુ પડતી જોગવાઇઓને અનુલક્ષીને તેમની હકૂમત હેઠળના તમામ વિસ્તારોમાં તા.૧૬/૦૮/૨૦૧૮ સુધી હથિયારબંધી ફરમાવી છે.

ફતેગંજ બ્રિજથી નિઝામપુરા તરફ જતાં માર્ગમાં પાર્કિંગના દબાણો હટાવાયા

વડોદરા,તા.૯

શહેરમાં ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવાના ભાગરૂપે કોર્પોરેશન અને ટ્રાફિક પોલીસ સાથે મળી હાલ નડતરરૂપ દબાણો વાહનો હટવવાનું અભિયાન ચાલી રહયું છે. આજે ફતેગંજ બ્રિજથી નિઝામપુરા સુધી રસ્તામાં નડતરરૂપ દબાણો દુર કરવામાં આવ્યા હતા.

શહેરમાં ટ્રાફિકના વધતા ભારણને ધ્યાનમાં લઈ મોટી બિલ્ડીંગોમાં આવેલા પાર્કિંગના દબાણો દૂર કરવામાં આવી રહયા છે. શહેર પોલીસની ટ્રાફિક શાખા અને કોર્પોરેશનની બિલ્ડીંગ શાખા અને દબાણશાખા સાથે મળી સમગ્ર અભિયાન ચલાવી રહયાં છે. અલગ અલગ વિસ્તારોમાં ચાલી રહેલી ડ્રાઈવ પૈકિ આજે કોર્પોરેશને ફતેગંજ બ્રિજ નીચેથી નિઝાપુરા તરફ જવાના માર્ગે કામગીરી હાથ ધરી હતી.

જયાં પાર્કિંગની જગ્યાના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. સમગ્ર કામગીરી વખતે જેસીબી મશીન ટ્રક તેમજ ટોઈંગ વાન સાથે રાખી ટ્રાફિકને અડચણરૂપ વાહનો, દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

આ અભિયાન આગામી દિવસોમાં રાબેતા મુજબ જારી રાખવામાં આવશે.

બ્રોડગેજ કન્વર્ઝન યોજના પુરી થવા આડે શંકા અમદાવાદ-બોટાદ ટ્રેન માટે રાહ જોવી પડશે

અમદાવાદ,તા.૯

બોટાદ અમદાવાદ બ્રોડગેજ કન્વર્ઝન યોજના પૂરી થવા આડે શંકા સેવાઇ રહી છે. વર્ષ ૨૦૧૮ સુધીમાં બ્રોડગેજ કન્વર્ઝન યોજના પૂરી થાય તેવી કોઇ સંભાવના નહીં દેખાતા આ રૂટ પર ચાલતી ટ્રેનોમાં પ્રવાસ કરનારા મુસાફરોએ હજુ એક વર્ષ જેટલા સમયની રાહ જોવી પડશે.

રેલવેનાં આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર રેલવે વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભાવનગર રેલવે ડિવિઝનના બોટાદ-સાબરમતી (અમદાવાદ) મીટર ગેજ ટ્રેકને બોડગ્રેજમાં કન્વર્ઝન કરવાની કામગીરીની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૧૭માં કરવામાં આવી હતી. આગામી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં તેને પૂરું કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો હતો.

હાલમાં રેલવે વિકાસ નિગમ દ્વારા સ્થાનિક રેલવે તંત્રના સંકલનથી અમદાવાદ અને બોટાદ વચ્ચેના ૧૭૧ કિલોમીટર મીટરગેજ ટ્રેકને બ્રોડગેજમાં ફેરવવાની કામગીરી ચાલી રહી છે.

આ કામગીરીમાં અમદાવાદ અને બોટાદ વચ્ચેના ટ્રેક પર બ્રિજ બનાવવાનું કામ પૂરું થયું છે. સ્ટેશનો બનાવવાની કામગીરી પણ સમયસર પૂરી થશે ત્યારે બાદ મીટર ગેજ ટ્રેકને ઉખાડીને તેની જગ્યાએ બ્રોડગેજ ટ્રેકની જે માગ છે તેના પ્રમાણમાં પુરવઠો માત્ર ૫૦ ટકા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ બ્રોડગેજના પાટા બનાવવાની કામગીરી અને પ્રોડકશન માત્ર ૫૦ ટકા થઇ રહ્યું છે.

સમગ્ર ભારતમાં આ પરિસ્થિતિ સર્જાઇ ત્યારે પાટાની અછતના કારણે અમદાવાદ બોટાદ વચ્ચેનો મીટર ગેજ ટ્રેક કન્વર્ઝનની કામગીરી નિશ્ચિત સમયમાં પૂરી થવાની શકયતા નહીંવત છે.

રાજયમાં ૧૭ તાલુકાઓમાં વરસાદ ધાંગધ્રા અને દસાડામાં ૨ ઇંચ

ગાંધીનગર,તા.૯

રાજયમાં ફરીથી ચોમાસાની સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગે આઠમી ઓગસ્ટના રોજ મધ્ય ગુજરાત સહિતના વિસ્તોરમાં વરસાદ પડવાની આગાવી વ્યકત કરી હતી. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૨૪ કલાક દરમિયાન ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી ભારે વરસાદ પડી શકે છે.

ગુરુવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. જેમાં સૌથી વધારે વરસાદ ધાંગધ્રામાં ૨.૬ ઇંચ અને દસાડામાં ૨.૫૨ ઇંચ વરસાદ નોંધાયો હતો. જયારે ૧૭માંથી ૧૦ તાલુકાઓમાં એક ઇંચથી વધારે વરસાદ નોંધાયો હતો. સંખેડા, કડી, કવાંટ, વિરમગામ, જાંબુઘોડા, છોટાઉદેપુર, હાલોલ, બોડેલી, કલોલ અને ઉમરપાડામાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો. પાંચ જેટલા તાલુકાઓમાં અડધા ઇંચ કરતા વધારે વરસાદ નોંધાયો હતો.

ગુરુવારે સવારે હવામાન વિભાગ તરફથી પાંચ દિવસ સુધીની વરસાદની આગાહી આપવામાં આવી છે. દક્ષિણ-પૂર્વ રાજસ્થાન ઉપર સર્જાયેલા અપરએર સાઇકલોનિકની અસરને પગલે ગુજરાતના વિવિધ વિસ્તારમાં વરસાદ પડશે.

હાર્દિક મુશ્કેલીમાં આમરણાંત ઉપવાસના સ્થળને જાહેર કરાયુ પાર્કિંગ ઝોન

અમદાવાદ,તા.૯

પાટીદારોને અનામત મળે તે માટે પાસનાં કન્વીનર હાર્દિક પટેલ આમરણાંત ઉપવાસ પર ઉતરવા જઇ રહેલ છે. ત્યારે હવે હાર્દિક પટેલની મુશ્કેલીમાં આ મામલે વધારો થયો છે. હાર્દિકને લઇને ઉપવાસ માટે જે જગ્યાની મંજૂરી માગવામાં આવી હતી તેને પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરવામાં આવી દીધી છે.શહેરનાં નિકોલ વિસ્તાર ખાતે પાસ દ્વારા જગ્યાની મંજૂરી માગવામાં આવી હતી પરંતુ હવે આ જગ્યાને અ.મ્યુ.કો.એ પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરી દીધી છે. જેથી હાર્દિકનાં આ ઉપવાસ સ્થળની મંજૂરીને લઈ હજુ પણ અસમંજસતા જોવા મળી રહી છે. કોર્પોરેશન દ્વારા પાર્કિંગ ઝોનનાં બોર્ડ પણ લગાવી દેવામાં આવ્યાં છે.ઉલ્લેખનીય છે કે વિસનગર કોર્ટે આપેલા ચુકાદા બાદ હાર્દિક ડબલ પાવરથી પોતાની લડત ચલાવવાનાં મૂડમાં હોય એમ આગામી ૨૫ ઓગસ્ટથી અમદાવાદ ખાતે પાટીદારોને અનામત અને ખેડૂતોને દેવું માફીનાં મુદ્દે આમરણાંત ઉપવાસ આંદોલન શરૂ કરવા જઇ રહેલ છે.ત્યારે મહત્વનું છે કે તે માટે હાર્દિકનાં આમરણાંત ઉપવાસને ધ્યાને રાખીને જે જગ્યા પસંદ કરવામાં આવી હતી તે જગ્યાને હવે અ.મ્યુ.કો.એ પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરી દીધેલ છે. જેથી હાર્દિક પોતે તેમજ પાસનાં કાર્યકર્તાઓ અસમંજસમાં મૂકાઇ ગયાં છે.

લગ્નની લાલચ આપીને સગીરાનું અપહરણ

વડોદરા, ૦૯

અલવાનાકા, માંજલપુર નિવાસી રહિશ મહંમદ સૈયદની સગીર વયની દિકરીને જીઆઇડીસી શાક માર્કેટ પાસે આવેલા ભવાની નગરનો નિવાસી તૌફિક જાકીરભાઇ મહંમદભાઇ પઠાણ લગ્ન કરવાની લાલચ આપીને તા. ૨૬/૦૭/૨૦૧૮ના રોજ ભગાડી ગયો છે. સગીરાએ લાલ રંગનું ટીશર્ટ અને લાલ રંગનું લેગીંઝ પહેર્યુ છે. તેના ડાબા હાથના પંજા પર દાઝ્યાનુ નિશાન છે.

છોટાઉદેપુરના આદિવાસી અધિકારીઓ વિશ્વઆદિવાસી દિવસની ઉજવણીના ભાગ રૂપે આદિવાસી પોષાકમાં સુસજ્જ થયેલા તસ્વીરમાં જોઈ શકાય છે. (તસવીર : ઝાકીર અંધી, છોટાઉદેપુર)

બુલેટ ટ્રેન પ્રોજેકટ ૨૦૨૨માં શરૂ કરવાની મોદીની નેમ

બુલેટ ટ્રેનનો પ્રથમ તબક્કો અમદાવાદ-વડોદરા વચ્ચે શરૂ થશે

વડોદરા,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વાકાંક્ષી પ્રોજેકટ મનાતા બુલેટ ટ્રેનને પ્રથમ વડોદરા અને અમદાવાદ વચ્ચે દોડાવવાની સરકારની નેમ છે. આગામી ૨૦૨૨માં દેશનો ૭૫મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવાય તે પહેલાં અમદાવાદથી વડોદરા વચ્ચેનો પ્રોજેકટ પુરો કરવા નેશનલ હાઈ સ્પીડ રેલવે કોર્પોરેશન લિમિટેડના સતાધીશોને આ સૂચના અપાઇ છે.

આશરે ૧૧૦ હજાર કરોડ રૂપિયાના ખર્ચે થનાર આ પ્રોજેકટનો મોટાભાગનો હિસ્સો એલીવેટેડ હશે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે બનનાર ૫૦૮ કિલોમીટરના બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે હાલ જમીન સંપાદનનું કામ ચાલું છે અને આ વર્ષના અંત સુધી જમીન સંપાદનનું કામ પુરું થઈ જશે.

એનએચઆરસીએલના અધિકારીએ જણાવ્યું હતું કે ૨૦૨૨માં ભારત દેશને સ્વતંત્ર થયે ૭૫ વર્ષ પુરા થવાના છે અને તેની ભવ્ય ઉજવણી દેશમાં થનાર છે. આ ઉજવણીને વધુ યાદગાર બનાવવા માટે વડાપ્રધાને ૭૫માં વર્ષની ઉજવણી પૂર્વે અમદાવાદ અને વડોદરા વચ્ચેનો પ્રારંભિક પ્રોજેકટ પૂર્ણ કરવા સૂચના આપી છે. જેના આધારે હાઈસ્પીડ કોર્પોરેશન આ બાબતે તડામાર તૈયારીમાં લાગી ગયું છે. અમદાવાદ અને વડોદરા વચ્ચેના પ્રારંભિક પ્રોજેકટમાં વડોદરા-આણંદ વચ્ચેના પ્રોજેકટની કામગીરી પ્રથમ કરવા અમારી નેમ છે.

અમદાવાદ અને વડોદરા વચ્ચે જમીન સંપાદન કરવાની સમસ્યા થોડીક ઓછી છે, કારણકે અમદાવાદ અને વડોદરા વચ્ચેના બ્રોડગેજ રેલવે ટ્રેકની બંને બાજુ રેલવે તંત્ર પાસે ઘણી જમીન છે.

બુલેટ ટ્રેન પ્રોજેકટ માટે આશરે ૧૪૦૦ હેકટર જમીનની જરૂર છે આ પૈકી ૮૫૦ હેકટર જમીન ગુજરાત અને મહારાષ્ટ્રના ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારમાં આવેલી છે .જો કે આ પૈકી માત્ર ૦.૯ હેકટર જમીન જ સંપાદન થઈ છે. ગુજરાત સરકાર પણ જમીન સંપાદનમાં મદદ કરશે. આ વર્ષના અંત સુધીમાં સંપાદનનો નિવોડો લાવી દેવાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

મેગાસિટીમાં રખડતા કૂતરાનો આતંક દર વર્ષે કરડવામાં સતત વધારો

અમદાવાદ,તા.૯

મેગાસિટી અમદાવાદમાં રખડતાં ઢોરની સાથે સાથે લોકો રખડતાં કૂતરાથી પણ વધુ ભયભીત છે. એક અંદાજ પ્રમાણે શહેરમાં દર વીસ વ્યક્તિ એક રખડતું કૂતરું છે. અનેક વિસ્તારોમાં સાંજ ઢળતાની સાથે ખાસ કરીને મહિલાઓ અને બાળકો રખડતાં કૂતરાંના આતંકથી ઘરની બહાર નીકળતા ફફડાટ અનુભવે છે.બીજી તરફ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે રખડતાં કૂતરાંના ખસીકરણ અને રસીકરણ પાછળ કરોડો રૂપિયા ખર્ચાઈ રહ્યા હોવા છતાં જે પ્રકારે રખડતાં કૂતરાંઓ દ્વારા લોકોને બચકાં ભરવાના કેસની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે તેને જોતાં રખડતાં કૂતરાંઓની સંખ્યામાં પણ સતત વૃદ્ધિ થઈ રહી હોવાનું પુરવાર થાય છે.છેલ્લાં આઠ વર્ષનાં રખડતાં કૂતરાંઓએ બચકા ભર્યાંના કેસ બમણા થયા છે. તંત્ર દ્વારા છેક વર્ષ ૨૦૧૦ રખડતાં કૂતરાંઓની વસતી ગણતરી હાથ ધરાઈ હતી તે વખતે રખડતાં કૂતરાંઓની સંખ્યા આશરે ૧.૭૫ લાખની થઈ હતી. જોકે રખડતાં કૂતરાંને પકડીને તેનું ખસીકરણ અને રસીકરણ કરવાની કામગીરી તંત્ર દ્વારા એનિમલ હેલ્થ ફાઉન્ડેશન, પીપર કોટ એનિમલ અને એનિમલ રાઈટ ફંડ નામની ત્રણ સંસ્થાને સોંપાઈ છે. આ ત્રણ સંસ્થા પૈકી એનિમલ ટાઈટ ફંડ બેંગલુરુની હોઈ અન્ય બે સંસ્થા અમદાવાદની છે.સત્તાવાળાઓએ આ ત્રણે સંસ્થાને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લાઈટ, પાણી એક ટેમ્પો સહિતની સુવિધા પૂરી પાડી હોવા છતાં શહેરમાં રખડતાં કૂતરાંઓની સંખ્યા સતત વધારો થઈ રહ્યો છે.

INEOS STYROLUTION
Driving Success. Together.

INEOS STYROLUTION INDIA LIMITED

Registered Office : 6th Floor, ABS Towers, Old Padra Road, Vadodara - 390 007.
CIN: L25200GJ1973PLC002436
Tel.No. : +91 265 2303201, 2303202; **Fax No :** +91 265 2303203
E mail : INSTY.secshare@ineos.com **Website :** www.ineosstyrolutionindia.com

EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2018

(INR in Lakhs except EPS)

Sr No	Particulars	Quarter ended on June 30, 2018	Quarter ended on March 31, 2018	Quarter ended on June 30, 2017	For the year ended on March 31, 2018
1	Total Income from Operations	59,510.90	51,051.24	50,451.49	195,068.55
2	Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items)	2,659.18	5,040.19	433.70	10,313.10
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional items)	2,659.18	5,040.19	433.70	10,313.10
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional items)	1,688.70	3,220.19	274.10	6,622.54
5	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	1,681.51	3,136.27	262.96	6,593.60
6	Equity Share Capital	1,758.56	1,758.56	1,758.56	1,758.56
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year				62,693.23
8	Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted	9.60	18.31	1.56	37.66

Notes:

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on August 08, 2018. The audit report does not contain any qualification by the statutory auditors.

(2) The above extract of the detailed format of the financial results for the quarter and year ended on June 30, 2018 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and Company's website (www.ineosstyrolutionindia.com).

For INEOS STYROLUTION INDIA LIMITED
Sanjiv Vasudeva
Managing Director and CEO

Place: Vadodara
Date : August 08, 2018